www.kamalamgujarat.com

Friday
27.11.2020
*Volume :5 * Issue No. 103

Email.: kamalamgujarat@gmail.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

### રાષ્ટ્રપતિશ્રીએ નવી દિલ્હીથી વિડીયો લીક દ્વારા બંધારણના આમુખનું સમુહ પઠન કરાવ્યું

## ૨૬મી નવેમ્બર બંધારણ દિવસની ઉજવણીમાં ગાંધીનગરથી સહભાગી થતા મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી–મંત્રીમંડળના મંત્રીશ્રીઓ–વરિષ્ઠ સચિવો

કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ લોકતંત્રમાં સંવિધાન-બંધારણને સર્વોપરિ ગણાવતાં તેની રક્ષા આપણું કર્તવ્ય છે તેવો સ્પષ્ટમત વ્યકત કર્યો છે. આ સંદર્ભમાં તેમણે કહ્યું કે, આપણા બંધારણના ઉદેશો સ્વતંત્રતા, સમાનતા, બંધુતા જળવાઈ રહે તો જ લોકશાહિ પ્રબળ અને મજબૂત બને તેવો ધ્યેય રાખીને લોકો માટે, લોકો વડે, લોકો થકી આ લોકતંત્રની બંધારણની ગરિમા આપણે સૌએ વધારવાની છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ૨૦૧૪ થી તા.૨૬ નવેમ્બરને રાષ્ટ્રભરમાં સંવિધાન દિવસ તરીકે ઉજવવાની શરૂ કરેલી પરંપરા અંતર્ગત આજે તા.૨૬ નવેમ્બરે રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીએ મંત્રી-મુખ્યમંત્રીશ્રીઓ-અધિકારીઓ-પદાધિકારીઓને બંધારણના આમુખનું નવી દિલ્હીથી વિડીયો લીંક દ્વારા સમૂહ પઠન કરાવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તેમજ રાજ્ય મંત્રીમંડળના મંત્રીશ્રીઓ, મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ, અધિક મુખ્ય સચિવશ્રીઓ, અગ્ર સચિવો અને સચિવશ્રીઓ સ્વર્ણિમ સંકુલના નર્મદા હોલથી આ પઠનમાં જોડાયા હતા.



બંધારણની મહત્તાને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશભરમાં ૨૬મી નવેમ્બર બંધારણ દિવસ તરીકે ઉજવીને પ્રસ્થાપિત કરી છે

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે કહ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી પદ દરમ્યાન બંધારણનું આગવું મહત્વ પ્રસ્થાપિત કરતાં હાથીની અંબાડી પર બંધારણ યાત્રા કાઢીને બંધારણની સર્વોપરિતા અને મહત્વ વિશે જનજાગૃતિ ઊજાગર કરી છે. તેમણે પ્રધાનમંત્રી તરીકેનો પદભાર સંભાળતા દેશમાં તા.૨૬મી નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાની પરંપરા ઊભી કરી તે અન્વયે આ બંધારણ દિવસ ઉજવાયો છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કેવડીયામાં ચાલી રહેલી સ્પીકર્સ કોન્ફરન્સમાં ભાગ લેવા આવેલા દેશના રાજ્યોની વિધાનસભાઓના અધ્યક્ષો પણ રાષ્ટ્રપતિશ્રી દ્વારા બંધારણના આમુખના સમૂહ પઠનમાં જોડાયા છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, સૌ કોઈ દેશના બંધારણને વફાદાર રહીએ, દરેકને અધિકારો મળે સમાનતા, સ્વતંત્રતા મળે તે હેતુસર આ સામુહિક શપથ લેવામાં આવ્યા છે.




### લોકતંત્ર–લોકશાહિમાં બંધારણ જ સર્વોપરિ છે– તેની રક્ષા સમાનતા–સ્વતંત્રતા–બંધુતા જળવાઈ રહેશે તો જ લોકશાહિ પ્રબળ –મજબૂત બનશે

## વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા-સ્ટેચ્યુ ઓફ યુનિટી નિહાળી અભિભૂત થયા સ્પીકર કોન્ફરન્સના મહેમાનો







કમલમ દૈનિક,

કેવડીયા ખાતે ચાલી રહેલી વિધાનસભા અધ્યક્ષોની ૮૦ મી અખિલ ભારતીય પરિષદના મહેમાનોએ આજે પ્રથમ સત્રની શરુઆત પહેલાં સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લઈને સરદાર વંદના કરી હતી. અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબની પ્રતિમા નિહાળીને ભાવ અભિભૂત થયેલા મહેમાનોએ મુલાકાત પોથીમાં લખ્યું કે...

**શ્રી ઓમ બિરલા**
**અધ્યક્ષ, લોકસભા**

લોહપુરુષ, દેશની એકતા અને અખંડિતતાના પ્રણેતા, ભારતના નિર્માણમાં મહત્વની ભૂમિકા માટે આપણા પ્રેરણાસ્ત્રોત સરદાર પટેલની પ્રતિમા આપણને નવી ઊર્જા અને નેતૃત્વની પ્રેરણા આપે છે. સરદાર પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા આપણા નવા ભારતના નિર્માણની સંકલ્પના છે. ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી તેમના અભિનવ વિચાર દ્વારા હંમેશા દ્રઢ ઈચ્છામાં આવી નવી ઊર્જા આપતા રહેશે અને આ સ્થળ હંમેશા સંવાદ કરતું રહેશે.

**પ્રહલાદ જોષી,**
**કેન્દ્રીય મંત્રી, સંસદીય બાબતો**

ભારતના પનોતા પુત્રની સૌથી વિરાટ પ્રતિમા... આ સ્થળની મુલાકાત સરદાર સાહેબના મહાન વ્યક્તિત્વની સમજણને સરળ અને સચોટ બનાવે છે, તેને સાકાર કરનાર પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીની દૂરંદેશી ભરેલી કલ્પના શક્તિને સલામ.

**અર્જુન રામ મેઘવાલ,**
**કેન્દ્રીય રાજ્યમંત્રી, સંસદીય બાબતો.**

પુષ્પો દ્વારા મહામાનવ સરદાર સાહેબને નમન કરું છું.. આ વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને સમજવાની તક આપે છે.. અહીંની સુંદર વ્યવસ્થાઓ માટે સમગ્ર તંત્રને ધન્યવાદ.

**ગ્યાનચંદ ગુપ્તા**
**અધ્યક્ષશ્રી, હરિયાણા વિધાનસભા.**

આ સ્ટેચ્યુ વિશ્વની આઠમી અજાયબી છે. યુવાનો માટે પ્રેરણાધામ છે આ સ્થળ.

**હિતેન્દ્રનાથ ગૌસ્વામી,**
**અદયક્ષ, આસામ વિધાનસભા**

હું સરદાર પટેલજીને વંદન કરું છું, તેમણે દેશની એકતા અને સેવા માટે જીવન સમર્પિત કર્યું.

**રવિન્દ્રનાથ મહાતો**
**અદયક્ષ, ઝારખંડ વિધાનસભા**

ખૂબ જ સુંદર, મારાં સહસ્ત્ર નમન..

**ડો. સી.પી.જોષી,**
**અદયક્ષ, રાજસ્થાન વિધાનસભા.**

સંવિધાન દિવસ પ્રસંગે મહાપુરુષ સરદાર સાહેબને વંદન. નવી પેઢી તેમના ઉદાત્ત જીવનમાંથી સદૈવ પ્રેરણા લેશે..

## ૧૯૭૧ ભારત-પાકિસ્તાન યુદ્ધ સ્વર્ણિમ વિજય વર્ષ ઉજવણીની નિમિત્તે યોજિત સાઈકલ રેલીને લખપત ખાતેથી લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું

### ૧૦ ટીમ ૧૯૭૧ કીમીનો પ્રવાસ કરી ૬ ડિસેમ્બર ૨૦૨૦ ના રોજ લોંગેવાલા ખાતે રેલીનુ સમાપન




કમલમ દૈનિક,

૧૯૭૧ ભારત–પાકિસ્તાન યુદ્ધ સ્વર્ણિમ વિજય વર્ષ ઉજવણીની નિમિત્તે ભારતીય સૈન્યના કોણાર્ક કોર્પ્સ દ્વારા યોજિત ગુજરાત અને રાજસ્થાનમાં ૧૯૭૧ કિલોમીટર લાંબી સાઈકલ રેલીને ૮૭ વર્ષીય માનદ કેપ્ટન ગુમાનસિંહએ રેલીને સવારે ૭ વાગ્યે લખપત પોસ્ટ વિસ્તારમાંથી લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ સાઈકલ રેલી મારફતે ગ્રામીણ લોકોમાં કોવિડ-૧૯ અંગે જાગૃતિ ફેલાવવામાં આવશે જેની મૂળભૂત થીમ સામાજિક અંતર, માસ્ક- સેનિટાઈઝેશન (SMS) રહેશે. આ રેલી મારફતે ભૂતપૂર્વ જવાનો, યુદ્ધમાં શહીદ થયેલા જવાનોના પરિવારજનો, શારીરિક હાનિ પામનારા તેમજ દિવ્યાંગજનો સુધી પહોંચવામાં આવશે. ભૂતપૂર્વ સૈનિકો અને તેમના પરિવારોને મળવાપાત્ર આર્થિક લાભો, કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતગાર કરવામાં આવશે અને તેમને કોઈપણ સંબંધિત સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરવામાં આવશે. ૧૯૪૮, ૧૯૬૫ અને ૧૯૭૧ના યુદ્ધના જવાનો અને વીર નારીઓને ૧૦ દિવસની આ રેલી દરમિયાન સન્માનિત કરવામાં આવશે. આ સાઈકલ રેલી કોણાર્ક કોર્પ્સના વિવિધ ફોર્મેશન, ભારતીય એરફોર્સ, ભારતીય નેવી, ભારતીય કોસ્ટગાર્ડ અને સરહદી વિસ્તારોમાં કોર્પ્સ ઝોનમાં બોર્ડર સિક્યુરિટી ફોર્સના પ્રતિનિધિઓ દ્વારા હાથ ધરવામાં આવશે. આ રેલી અભિયાન એક રિલે ફોર્મેટમાં યોજવામા આવશે જેમાં પ્રત્યેક ટીમ તેમના નિર્ધારિત કરવામાં આવેલા અંતર સુધી સાઈકલ ચલાવશે અને ત્યાંથી આગળના ફોર્મેશનને આગળ વધવા માટે સોંપવામાં આવશે. આ રેલીનુ ૬ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ લોંગેવાલા ખાતે તેનું સમાપન થશે. તા. ૨૬ નવેમ્બર ૨૦૨૦ ના રોજ બપોરે એક વાગ્યે ભૂજ સ્ટેશનમાં પશ્ચિમ દ્વાર પર તબીબી શિબિરનો પ્રારંભ થશે. ભાગ લેનાર ૧૦ ટીમ પૈકી સાયકલિસ્ટોની પ્રથમ લેગ ટીમનું આજે સાંજે ૬ વાગ્યે ભૂજ મિલિટરી સ્ટેશન ખાતે સ્વાગત કરવામાં આવશે.

## તંત્રી સ્થાનેથી......

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૪,૪૮૯ નવા પુષ્ટિ થયેલ કોવિડ કેસ નોંધાયા છે. આમાંથી ૬૦.૭૨% ફાળો છ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો એટલે કે કેરળ, મહારાષ્ટ્ર, દિલ્હી, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ દ્વારા આપવામાં આવ્યો છે. કેરળ ૬,૪૯૧ નવા કોવિડ કેસ સાથે મોખરે છે. છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૬,૧૫૯ નવા કેસ નોંધાયા છે, જ્યારે દિલ્હીમાં ૫,૨૪૬ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા ૫૨૪ મૃત્યુઆંકમાંથી ૬૦.૫૦% છ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશો- દિલ્હી, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, હરિયાણા, પંજાબ અને ઉત્તર પ્રદેશમાં કેન્દ્રિત છે. મહારાષ્ટ્ર, દિલ્હી, ઉત્તર પ્રદેશ અને પશ્ચિમ બંગાળ એ રાજ્યો રોજિંદા મૃત્યુમાં વધુમાં વધુ યોગદાન આપનારા ટોચના છ રાજ્યો છે. ૯૯ લોકોનાં મૃત્યુ સાથે દિલ્હીમાં સર્વાધિક નવો મૃત્યુઆંક નોંધાયો છે. મહારાષ્ટ્રમાં ૬૫ અને પશ્ચિમ બંગાળમાં ૫૧ લોકોનાં મૃત્યુ થયા છે.ભારતમાં વર્તમાનમાં સક્રિય કેસનું ભારણ (૪,૫૨,૩૪૪) કુલ પોઝિટિવ કેસના ૪.૮૮% છે અને તે ૫% ની નીચે જળવાઈ રહ્યું છે. સક્રિય કેસમાંથી ૬૫% કેસ એવા ૮ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશમાં છે જેમણે મહત્તમ દૈનિક નવા કેસ અને દૈનિક સૌથી વધુ મૃત્યુમાં ફાળો આપ્યો છે. કુલ મૃત્યુમાંથી ૬૧% મૃત્યુ આ ૮ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશમાં કેન્દ્રિત છે. રાષ્ટ્રીય સરેરાશ (૬,૭૧૫) ની સરખામણીમાં આ ૮ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રત્યેક દસ લાખની વસ્તીએ આંકડાઓ નીચે મુજબ છે. રાષ્ટ્રીય સરેરાશ (૧.૪૬%) ની તુલનામાં નીચેના આ ૮ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં મૃત્યુદર (સીએફઆર) બતાવે છે. ભારતમાં સાજા થયેલા કેસ લગભગ ૮૭ લાખ (૮૬,૭૯,૧૩૮) ની નજીક છે. રાષ્ટ્રીય સાજા થવાનો દર આજે ૯૩.૬૬% રહ્યો છે. દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬,૩૬૭ દર્દીઓ સાજા થયા છે. ૧૫ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં રાષ્ટ્રીય સરેરાશ કરતા વધુ સાજા થવાનો દર છે. ૨૦ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોએ સાજા થવાનો દર રાષ્ટ્રીય સરેરાશ કરતા ઓછો હોવાના અહેવાલ આપ્યા છે.

### રૂ.૯૩.૭૦ લાખના વિકાસ કામોના લોકાર્પણ-ખાતમૂહૂર્ત કરાયા

# છેવાડાના માનવીનો વિકાસ અમારો ગુરૂમંત્ર- રાજ્યમંત્રીશ્રી વાસણભાઈ આહિર

### અંજાર તાલુકાના નવનિર્મિત લોહારિયા, પાંતિયા અને ચંદિયા ગ્રામ પંચાયત ઘરોનું લોકાર્પણ






કમલમ દૈનિક, ભુજ,

છેવાડાના માનવીનો વિકાસ અમારો ગુરૂમંત્ર છે, એમ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોના કલ્યાણ અને પ્રવાસન રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિરે જણાવ્યું હતું. અંજાર તાલુકાના લોહારિયા ખાતે નવનિર્મિત લોહારિયા, પાંતિયા અને ચંદિયા ગ્રામ પંચાયત ઘરોનું લોકાર્પણ રાજયમંત્રીશ્રીએ કર્યુ હતું. મંત્રીશ્રીએ આ તકે આ ત્રણ ગામોના રૂ.૯૩.૭૦ લાખના વિકાસકામોના લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કર્યા હતા.

આ કાર્યક્રમમાં શ્રી આહિરે વધુમાં જણાવ્યું હતું, કોરોના કોવીડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણેની જીવનશૈલી અપનાવી લેવી સ્વ અને પરિવારના હિત માટે અતિજરૂરી છે. કચ્છ જિલ્લો કોરોનાથી બચતો રહે તે માટે પ્રજાની સાવચેતી અને સાવધાની મહત્વની છે. નાના માણસો પણ કોવીડ-૧૯ ની ગાઈડલાઈનને અનુસરી નાના કે સરકારી દવાખાનાની સારવારથી પણ સાજા થઈ શકે છે. અંજાર તાલુકામાં ૯૩.૭૦ લાખના વિવિધ વિકાસકામો હેઠળ લોકાર્પણ અને ખાતમૂહૂર્ત કરાયા હતા જે પૈકી માર્ગ અને મકાન વિભાગ દ્વારા નવનિર્મિત પંચાયતો ઘરો,પેવર બ્લોક, સી.સી.રોડ, વન કુટિર રોડ, દિવાલનું વગેરે વિકાસ કામો લોકાર્પિત થયા છે. લોહારિયા ખાતે રૂ.૨૫.૬૭ લાખના, ચંદિયામાં રૂ.૧૯.૪૧ લાખના અને પાંતિયા ગામના રૂ.૪૮.૬૩ લાખ પૈકી કુલ ૯૩.૭૦ લાખના વિકાસ કામો કરવામાં આવ્યા છે. જિલ્લા પંચાયત પૂર્વ પ્રમુખ અને અગ્રણી જીવા શેઠે પ્રાસંગિક પ્રવચનમાં તાલુકાના વિકાસકામોથી સૌને માહિતીગાર કરતા માસ્ક પહેરવા, સામાજિક અંતર જાળવવા તેમજ વારંવાર હાથ ધોવા અને કોવીડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે જીવવા અનુરોધ કર્યો હતો. તાલુકા અગ્રણીશ્રી શંભુભાઈ આહિરે કચ્છના વિકાસ માટે રાજયમંત્રીશ્રી વાસણભાઈ આહિરને જન સહયોગ આપી પ્રાથમિક અને અગત્યની સેવાઓનો લાભ લેવા જણાવ્યું હતું. અંજાર વિધાનસભાના વિકાસમાં મંત્રીશ્રીની તત્પરતા અંગે પણ સૌને તેમણે માહિતગાર કર્યા હતા.કાર્યક્રમની રૂપરેખા આપતા તાલુકા વિકાસ અધિકારીશ્રી એ.જી.દેસાઈએ અંજાર તાલુકામાં થયેલ વિવિધ પ્રાથમિક સુવિધાના વિકાસકામોથી સૌને માહિતગાર કરી મંત્રીશ્રીના અંજારની વિકાસ માટેની તત્પરતા બાબતે ઉલ્લેખ કરી હવે માત્ર છ જેટલી ગ્રામ પંચાયત મકાન બાકી છે. જેની દરખાસ્ત પ્રક્રિયામાં છે તેમ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, સાંસદશ્રી વિનોદભાઈ ચાવડાની ગ્રાન્ટના વિકાસકામો પણ એમાં સામેલ છે.આ તકે લોહારિયા, ચંદિયા અને પાંતિયાના ગ્રામજનો સાથે અંજાર તાલુકા પંચાયત પ્રમુખશ્રી ગોવિંદભાઈ ડાંગર, આરોગ્ય સમિતિના ચેરમેનશ્રી મ્યાજરભાઈ છાંગા, તાલુકા પંચાયત કારોબારી ચેરમેનશ્રી બાબુભાઈ મરંડ, અગ્રણી સર્વશ્રી મંજુલાબેન મનજીભાઈ, બાબુલાલ ગોરાણી, હરિલાલ સોરઠીયા, ભચુભાઈ માતા, મશરૂભાઈ રબારી, લોહરિયા સરપંચશ્રી ધનજીભાઈ મહેશ્વરી, પાંતિયા સરપંચ શારદાબેન ધીરજલાલ અને ચંદિયા સરપંચશ્રી રાજબાઈ દેવસીંગ, હેતુભા ભગવાનજી જાડેજા તેમજ નાયબ કાર્યપાલક ઈજનેર મુન્દ્રા શ્રી બી.પી.ગોર, અંજાર સેકસન ઓફીસર એમ.આઈ.સૈયદ અને ગામોના અગ્રણીશ્રીઓ, મહિલાઓ, બાળકો કોવીડ-૧૯ની ગાઈડલાઈન અનુરૂપ ઉપસ્થિત રહયા હતા.

## મહીસાગર જિલ્લામાં કોરોના મહામારીના સમયમાં ૨૦૯૨ જેટલા રક્તદાતાઓએ રક્તદાન કરી સામાજીક ઉતરદાયિ‌ત્વ નિભાવ્યું

### કોરોના સંદર્ભેની તકેદારી સાથે રક્તદાન કેમ્પોમાં ૨૦૯૨ યુનિટ બ્લડ કલેક્શન થયું




કમલમ દૈનિક, લુણાવાડા,

કોરોનાવાયરસની વૈશ્વિક મહામારી વચ્ચે પણ જિલ્લાની એનેમીક સગર્ભા મહિલાઓને તેમજ થેલેસેમિયાના દર્દીઓ સાથે કોરોનાના દર્દીઓને નિઃશુલ્ક ધોરણે અવિરત પણે રક્ત મળી રહે અને રક્તના અભાવે નિરોગી થવામાં અવરોધ ઉભો ન થાય તે માટે મહીસાગર જિલ્લામાં આવેલ વિવિધ આરોગ્ય કેન્દ્રો ખાતે રક્તદાન કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા કલેકટરશ્રી આર.બી.બારડ અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી નેહા કુમારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી ડૉ. એસ. બી. શાહની રાહબરીમાં મહીસાગર જિલ્લામાં મે-૨૦૨૦ થી ૨૪મી નવેમ્બર-૨૦૨૦ સુધી જિલ્લામાં આવેલ વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને અર્બન હેલ્થ સેન્ટર તેમજ હેલ્થ એન્ડ વેલનેશ સેન્ટર જેવા કે લુણાવાડા, ખેડાપા, ખાનપુર, સરસણ, ખારોલ, ઓથવાડ, મુનપુર, મલેકપુર-શામણા, ભાટપુર-વિરપુર, હાથીવન, થાણાસાવલી, જનોડ, ચાંપેલી-ઉંદરા, કુરેટા, કોયડેમ,ભંડારા,કિડીયા, બાર, ઉબેર, મોટાસોનેલા, સાલીયાબીડ, બાકોર, કેનપુર, નાનીભુગેડી બાલાશિનોર, મોટીકયાર, ચુંથાનામુવાડા, વેલના મુવાડા, ઉકરડી, મુડાવેડખ, જોરાપુરા, ઝાલાસાગ, વડાગામ, સંતરામપુર, કડાણા-૧, મલેકપુર તેમજ જિલ્લા શિક્ષણ વિભાગ હેઠળ લુણાવાડા, સંતરામપુર, લાલસર ખાતે મેડીકલ ઓફીસરશ્રીઓ, આયુસ મેડીકલ ઓફીસરશ્રીઓ, અને રેડ ક્રોસ સોસાયટી પંચમહાલ-ગોધરાનાં ડૉકટરશ્રી તેમજ આરોગ્ય ટીમો દ્વારા યોજવામાં આવેલા રક્તદાન કેમ્પોમાં જિલ્લાના ૨૦૯૨ જેટલા રકતદાતાઓએ પોતાના રક્તનું દાન કરીને કોરોના સામેની લડતમાં અનેરું યોગદાન આપી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. આ રકતદાન કેમ્પોમાં કોરોનાવાયરસના સંક્રમણને નિયંત્રણમાં રાખવા માટેના સરકારની ગાઈડલાઈના દિશાનિર્દેશોનું પાલન અને ફરજિયાત માસ્કનો ઉપયોગ તેમજ સામાજિક અંતર જાળવવાનું સંપૂર્ણપણે પાલન કરવામાં આવ્યુ હતું. આ રક્તદાન કેમ્પોનું ખૂબજ કાળજીપૂર્વક અમલીકરણ કરવામાં આવ્યું હતું જેથી કોઈ પણ રક્તદાતાને કોરોના વાયરસનો ચેપ ન લાગે તે માટે દરેક ડોનરને નવી બેડશીટ પાથરીને જ રકતદાન કરાવવામાં આવ્યું હતું. આ રક્તદાન કેમ્પોમાં દાતાઓ જ્યારે કેમ્પોના સ્થળે આવ્યા ત્યારે તેમને થર્મલ ગનથી આરોગ્ય તપાસ કરી તેમના હાથ સાફ કરવા માટે હેન્ડવોશ તેમજ સેનેટાઈઝર ની વ્યવસ્થા કરવામાં આવી હતી. જયારે સિનિયર મેડિકલ ઓફિસરશ્રીએ રક્તદાન કેમ્પમાં કોરોનાને ધ્યાને લઈ સાવચેતીના તમામ પગલા સુનિશ્ચિત કરવાની સાથે રકતદાતાઓને બેડશીટ બદલવાની અને તમામ સામગ્રી જંતુ રહિત રહે તેનો સુચારુ આયોજન કર્યુ હતું. આ રક્તદાન કેમ્પોમાં ૨૦૯૨ યુનિટ બ્લડનું કલેકશન કરવામાં આવ્યું હતુ રક્તદાનએ શ્રેષ્ઠ મહાદાન છે જે કોરોનાના દર્દી, એનેમિક સગર્ભા બહેનો અને થેલેસેમિયાના દર્દીઓને પણ જરૂર પડે તો આ સંગ્રહ કરેલ રકતનો પ્રવાહ પહોંચાડી શકાય તે માટે કોરોના મહામારી ના સમય વચ્ચે પણ આ રક્તદાન કેમ્પો જન ઉપયોગી બની રહેશે.

# કોરોનાના સામાન્ય લક્ષણ જણાયતો વિના સંકોચ કોરોનાનો ટેસ્ટ કરાવા શહેરીજનોને અપીલ -કલેક્ટરશ્રી સી.જે. પટેલ





## જિલ્લા કલેક્ટરશ્રીએ હિંમતનગરના કન્ટેઈનમેન્ટ વિસ્તારોની તેમજ મહાવીરનગર ચોકડી પાસે કોરોના ટેસ્ટીગ સેન્ટરની મુલાકાત લીધી

કમલમ દૈનિક,

સાબરકાંઠા જિલ્લા સમાહર્તા શ્રી સી.જે. પટેલે હિંમતનગર શહેરના કન્ટેઈનમેન્ટ વિસ્તારોની મુલાકત લીધી હતી. આ મુલાકાત દરમિયાન કન્ટેઈનમેન્ટ ઝોન વિસ્તારની રતનપાર્ક, પારસ સોસાયટી, પન્નપાર્ક, ગુરૂકુળ પાર્ક સોસાયટીમાં લોકોને આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે તેમજ આ વિસ્તારોમાં આપવામાં આવતી સુવિધાની સમિક્ષા કરી અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.આ મુલાકાત દરમિયાન મહાવીરનગર ચોકડી પાસે ચાલતા કોરોના ટેસ્ટીંગ સેન્ટરની મુલાકાત લીધી હતી. જિલ્લામાં તહેવારો પછી ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં કોરોનાનું સંક્ર્મણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. આ સંક્ર્મણને રોકવા આરોગ્ય વિભાગ અને વહિવટી તંત્ર સતત કાર્યરત છે. જિલ્લામાં મફત કોરોના ટેસ્ટીંગ સેન્ટર કાર્યરત કરવામાં આવ્યા છે. જેથી નાગરીકો વિના સંકોચ કોરોના ટેસ્ટ કરાવી શકે. હાલમાં હિંમતનગર શહેરમાં કોરોનાના કેસ વધવાથી હિંમતનગર નગરપાલીકા દ્વારા શહેરીજનોની સુવિધા માટે મહાવીરનગર વિસ્તારમાં તા. ૨૪ થી ૨૬ નવેમ્બર દરમિયાન કોરોના ટેસ્ટીંગ શરૂ કરવામાં આવ્યું છે જેમાં અત્યાર સુધીમાં ૩૪૬ થી વધુ લોકોએ પોતાના કોરોનાના ટેસ્ટ કરાવ્યા હતા. આ સેન્ટરની જિલ્લા સમાહર્તાશ્રી દ્વારા રૂબરૂ મુલાકાત લેઈ નાગરિકોને પોતાનો કોરોના ટેસ્ટ કરાવા અપીલ કરી હતી.

# પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત મોરબી લીલાપર રોડનું ખાતમુહૂર્ત કરાયું

કમલમ દૈનિક, મોરબી

પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત મોરબી લીલાપર રોડનું ખાતમુહૂર્ત બુધવારના રાજકોટ સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા અને મોરબી-માળીયા ધારાસસભ્યશ્રી બ્રિજેશભાઈ મેરજાના હસ્તે કરવામાં આવ્યું. ખાતમુહૂર્ત કાર્યક્રમમાં સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયાએ જણાવ્યું કે, મોરબી શહેરથી લીલીપર ગામ અને સ્ટેટ હાઈવેને જોડતો આ રોડ ૫ કી.મી. લાંબો અને ૫.૫૦ મી. પહોળો ડબલ પટ્ટી રોડ બનવાને કારણે ટ્રાફીકની સમસ્યા ઘણી ઓછી થશે. આ કાર્યક્રમમાં મોરબી જિલ્લા પંચાયતના મોરબી માર્ગ અને મકાનના કાર્યપાલક ઈજનેરશ્રી એ.એન. ચૌધરી જણાવ્યું હતુ કે, પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત મોરબી થી લીલાપર રોડ સ્ટેટ હાઈવેને જોડશે. ખાતમુહૂર્ત કાર્યક્રમ પ્રસંગે સાંસદશ્રી મોહનભાઈ કુંડારીયા અને મોરબી-માળીયા ધારાસસભ્યશ્રી બ્રિજેશભાઈ મેરજા ઉપરાંત જિલ્લા ભાજપ પ્રમુખ દુર્લભજીભાઈ દેથરીયા, જિલ્લા પંચાયતના મોરબી માર્ગ અને મકાનના સ્ટાફ સહિત વિવિધ સિમિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.



## ચિલ્ડ્રન હોમ પાલનપુરના બાળકેઆંતરરાષ્ટ્રીય બાળદિને યોજાયેલ રાજ્ય કક્ષાની વકૃત્વ સ્પર્ધામાંબીજો નંબર પ્રાપ્ત કર્યો



કમલમ દૈનિક,

ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગ, ગાંધીનગર દ્વારા તા. ૨૦મી નવેમ્બર આંતરરાષ્ટ્રીય બાળ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આંતરરાષ્ટ્રીય બાળ દિનની ઉજવણીના ભાગ રૂપે તા.૦૯ નવેમ્બર-૨૦૨૦ થી તા. ૧૩ નવેમ્બર-૨૦૨૦ સુધી ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતુ. જેમાં ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, પાલનપુરસંસ્થામાં રહેતા બાળકોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો.ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, પાલનપુરમા રહેતા બાળકે રાજ્ય કક્ષાએ બીજો નંબર મેળવી સંસ્થાનું નામ રોશન કર્યુ છે. ભાસ્કરાચાર્ય ઈન્સ્ટીટ્યુટ ફોર સ્પેસ (બાયસેટ) ગાંધીનગર ખાતેગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગ, ગાંધીનગરનાચેરપર્સન મા. જાગૃતીબેન પડંયાનીઉપસ્થિતીમાં આંતરરાષ્ટ્રીય બાળ દિનની રાજ્ય કક્ષાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાંચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, પાલનપુર સંસ્થામાં રહેતા બોથાભાઈ ભેમાભાઈ અંગારીએ બાળ અધિકાર વિષયની વકૃત્વ સ્પર્ધામાં ગુજરાત રાજ્યમાં બીજો નંબરમેળવી સંસ્થાનું નામ રોશન કર્યુ છે.બોથાભાઈ ભેમાભાઈ અંગારીને ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ આયોગ, ગાંધીનગર દ્વારાટેબલેટ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહીત કરવામાં આવેલ છે. સંસ્થામાં રહેતા બાળકે રાજ્ય કક્ષાએ બીજો નંબર પ્રાપ્ત કરવા બદલ બનાસકાંઠા જિલ્લા બાળ કલ્યાણ સમિતિ, જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,જીલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી તથાસંસ્થાના ચેરમેનશ્રી અને સભ્યશ્રીઓ દ્વારા શુભકામનાઓ પાઠવી હતી. અને બાળકને તૈયાર કરવા બદલ સંસ્થાના અધિક્ષકશ્રી થતા તમામ કર્મચારીશ્રીઓને અભિનંદન પાઠવ્યાહતા.

# અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં ૫૦૦ કોરોના વેક્સિનની ટ્રાયલ શરૂ થશે : નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

### રાજયના સ્વસ્થ, નિરોગી અને યુવાન સ્વયંસેવકોની ટ્રાયલ માટે પ્રાથમિક પસંદગી કરાશે

કમલમ દૈનિક,

સમગ્ર વિશ્વ કોરોના વાયરસની રસીની આતુરતાથી રાહ જોઈ રહ્યું છે. ઘણી ખાનગી કંપનીઓ તેમજ સરકારી એકમો વેક્સિનની શોધમાં લાગેલા છે, ત્યારે આપણા દેશમાં પણ ભારત બાયોટેક કંપની દ્વારા સંશોધન કરીને કોરોના વેક્સિન બનાવવાના પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા છે. જેની ટ્રાયલ સમગ્ર દેશભરમાં ચાલી રહી છે. આપણા રાજ્યમાં અમદાવાદ સ્થિત સોલા સિવિલ હોસ્પિટલની પસંદગી વેક્સિનની ટ્રાયલ માટે કરવામાં આવી છે.



સંપૂર્ણપણે સ્વસ્થ, તંદુરસ્ત અને નિરોગી હોય તેવા યુવાનોની પ્રાથમિક પસંદગી કોરોના વેક્સિનની ટ્રાયલ માટે કરવામાં આવી રહી છે. અત્યારે ૫૦૦ જેટલી વેક્સિન ટ્રાયલ માટે અમદાવાદ સોલા સિવિલ હોસ્પિટલ ખાતે આવી પહોંચી છે.જેને કોલ્ડ સ્ટોરેજમાં મુકવામાં આવી છે. સ્વયંસેવકો દ્વારા વેક્સિનની ટ્રાયલ માટે તેમના નામની નોંધણી કરાવવામાં આવી છે. ભારત સરકારના આરોગ્ય વિભાગમાંથી તબીબી નિષ્ણાંત વેક્સિન સંલગ્ન તમામ પ્રકારની ટ્રેનિંગ આપણા સોલા સિવિલના તબીબોને આપવા માટે ટૂંક સમયમાં અમદાવાદ આવી પહોંચશે.આ તબીબી નિષ્ણાંતની દેખરેખ હેઠળ જ વેક્સિન માટે નિમાયેલ કમીટી અને અન્ય તબીબોને ટ્રેનિંગ આપી તમામ પરિબળો, પડકારો , માપદંડોથી સજ્જ કરવામાં આવશે.વેક્સિનની ટ્રાયલ હાથ ધરવામાં આવનાર સ્વયંસેવકોને મહિને ૨ ડોઝ વેક્સિનના આપવામાં આવશે. એક ડોઝ આપ્યા બાદ તેનું સતત દેખરેખ કરવામાં આવશે. તેના શરીરમાં વેક્સિનના કારણે આવી રહેલા બદલાવ તેમજ તેની અસરોનું સતત મોનીટરીંગ કરવામાં આવશે. આ વેક્સિનથી શરીરમાં થતા ફાયદા – નુકશાન તેની આડઅસરોની નોંધણી તબીબી નિષ્ણાંતોની દેખરેખ હેઠળ કરવામાં આવશે.એક વર્ષ સુધી સમગ્ર દેશના વિવિધ રાજ્યોમાં આ વેક્સિનની ટ્રાયલ હાથ ધરવામાં આવનાર હોવાનું શ્રી નીતિનભાઈ પટેલે કહ્યુ હતું. ગુજરાત રાજ્યમાં પણ શહેર સહિત ગામડાઓમાં રહેતા નાગરિકો ,સંપૂર્ણપણે સ્વસ્થ અબાલવૃધ્ધ, સ્વયંસેવકો , હેલ્થવર્કરો પર આ વેક્સિનના ટ્રાયલ કરીને તેના તમામ પરિણામો ચકાસવામાં આવશે.

# નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ દ્વારા મંજુશ્રી મીલ કંપાઉન્ડમાં નિર્માણાધીન કિડની હોસ્પિટલની મુલાકાત લઈ સમીક્ષા બેઠક યોજવામાં આવી

## ૩૦ મી નવેમ્બર સુધીમાં ૪૦૦ થી વધુ બેડ સહિતની નિર્માણાધિન કિડની હોસ્પિટલ કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ખૂલ્લી મુકાશેઃ નીતિનભાઈ પટેલ






## અમદાવાદ સહિત સમગ્ર રાજયના કોરોનાગ્રસ્ત દર્દીઓને શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવવાં રાજ્ય સરકાર સજ્જ છે.

### રાજયની સરકારી હોસ્પિટલમાં નોન કોવિડ ૮૦ હજાર થી વધારે દર્દીઓ ઓ.પી.ડી.ની મુલાકાત લઈ રહ્યા છે

કમલમ દૈનિક,

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે આજે મંજુશ્રી મીલ કંપાઉન્ડમાં નિર્માણાધીન કિડની હોસ્પિટલની મુલાકાત લીધી હતી. અમદાવાદ શહેરમાં વધી રહેલા કોરોનાગ્રસ્ત દર્દીઓને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે હેતુથી આ બિલ્ડીંગને કોવિડ દર્દીઓની સારવાર માટે ૩૦ મી નવેમ્બર સુધીમાં કાર્યરત કરવામાં આવશે. નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યુ કે, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દિઘર્દ્રષ્ટિના કારણે મેડિસીટી કેમ્પસમાં કાર્યરત કિડની, કેન્સર અને હ્યદયરોગની હોસ્પિટલમાં શ્રેષ્ઠ સુવિધાઓ ઉપલબ્ધ થઈ છે. જેને આગળ ધપાવવા સિવિલ મેડિસીટીનું વિસ્તૃતિકરણ કરીને મંજુશ્રી મીલ કંપાઉન્ડમાં કિડની હોસ્પિટલને કાર્યરત કરી એશિયાની સૌથી મોટી હોસ્પિટલ બનાવવાના નરેન્દ્રભાઈ મોદીનું સ્વપ્ર ટૂંક સમયમા સાકાર થશે. મંજુશ્રી મિલ જે વર્ષોથી બંધ પડી હતી તે જમીનનું રાજ્ય સરકાર દ્વારા સંપાદન કરીને સ્વાસ્થ્ય સુખાકારીમાં વધારો કરવા આ કંપાઉન્ડમાં કિડની અને આંખની હોસ્પિટલ કાર્યરત કરવામાં આવી હોવાનું નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ હતું. અમદાવાદ મેડિસીટી સ્થિત કિડની હોસ્પિટલમાં વર્ષ દરમિયાન ૫૦૦ થી વધારે કિડની ટ્રાન્સપ્લાન્ટ થાય છે. દેશભરમાંથી અમદાવાદ સિવિલ સંકુલની કિડની હોસ્પિટલમાં સારવાર અર્થે આવતા દર્દીઓનો ઘસારો રહે છે. જેને ધ્યાનમાં રાખીને તેનું વિસ્તૃતીકરણ કરવામાં આવ્યુ હોવાનું શ્રી પટેલે ઉમેર્યુ હતું.

અમદાવાદ સિવિલ મેડિસીટીમાં આવેલી કિડની હોસ્પિટલ સહિતની અન્ય હોસ્પિટલમાં ગુજરાતના પડોશી રાજ્યમાંથી પણ દર્દીઓ સારવાર અર્થે આવે છે અને તે તમામને શ્રેષ્ઠ સારવાર મળી રહી હોવાનું શ્રી નિતિનભાઈ પટેલે ઉમેર્યુ હતું. મંજુશ્રી કંપાઉન્ડમાં નિર્માણ પામી રહેલી કિડની હોસ્પિટલમાં ૮૦૦ થી વધુ દર્દીઓને સારવાર આપી શકવાની ક્ષમતા ધરાવે છે.દસ માળની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ આ કિડની હોસ્પિટલમાં આવનારા વર્ષ ૨૦૨૧ ના જાન્યુઆરી થી ફેબ્રુઆરી મહિના સુધીમાં સંપૂર્ણપણે દર્દીઓ માટે કાર્યરત થઈ જશે તેમ શ્રી નીતિનભાઈ પટેલે ઉમેર્યું હતું. અમદાવાદ શહેર સહિત રાજ્યભરમાં કોરોનાની પ્રવર્તમાન સ્થિતિને ધ્યાને લઈ , ખાસ કરીને અમદાવાદ શહેરમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સ્થિતિની સમીક્ષા કરીને સિવિલ સંકુલની તમામ હોસ્પિટલમાં દર્દીઓનો ઘસારો જોઈ, દર્દીઓને કોઈપણ પ્રકારની હાલાકી ભોગવવી ન પડે તે હેતુથી મંજુશ્રી કંપાઉન્ડમાં આઈ.સી.યુ. બેડ અને વેન્ટીલેટર સહિતના ૪૦૦ થી વધુ બેડ કાર્યરત કરવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. તહેવારોની વચ્ચે રાજ્યભરમાં કોરોનાના કેસમાં વધારો થયો છે, પરંતુ રાજ્ય સરકાર સમયસર તેને કાબુ મેળવવામાં સફળ રહી છે. આગામી સમયમાં કોરોનાગ્રસ્ત દર્દીઓના કેસમાં ઉછાળો નોંધાય તેના આગોતરા વ્યવસ્થાપનના ભાગરૂપે રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી કોર કમિટી દ્વારા મંજુશ્રી હોસ્પિટલને કોવિડ હોસ્પિટલમાં પરિવર્તિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. મંજુશ્રી મીલ કંપાઉન્ડની કિડની હોસ્પિટલના ૯ ફલોર માંથી ૩જા અને ૪ થા માળે ઓક્સિજન સહિતના ૩૩૬ બેડ, અન્ય ફલોર પર ૫૬ જેટલા આઈ.સી.યુ. અને વેન્ટીલેટર સહિતના બેડ સાથે કુલ ૪૦૦ થી વધુ કોરોના બેડ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ૩૦ મી નવેમ્બર સુધીમાં આ હોસ્પિટલને તમામ મેડિકલ સુવિધાઓથી સજ્જ કરીને કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે કાર્યરત કરવામાં આવશે. અમદાવાદ સિવિલ સંકુલની કોરોના ડેડિકેટેડ ૧૨૦૦ બેડ હોસ્પિટલમાં ૬૦ વેન્ટીલેટર સહિતના આઈ.સી.યુ.ના નવા બેડ કાર્યરત કરવામાં આવ્યા છે અને ટૂંક સમયમાં અન્ય ૬૦ બેડ પણ કાર્યરત કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા પણ ગુજરાત સરકારને મોટી સંખ્યામાં વેન્ટીલેટર ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યા છે જે તમામનો સત્વરે કોરોનાગ્રસ્ત દર્દીઓની સારવાર માટે ઉપયોગ શરૂ કરવામાં આવનાર હોવાનું શ્રી પટેલે ઉમેર્યું હતુ. રાજ્યભરમાં તહેવાર દરમિયાન વધેલા કોરોનાના કેસ ના કારણે સરકાર દ્વારા રાજ્યના ઘણા જિલ્લાઓ તેમજ મહાનગરોમાં રાત્રિ કર્ફ્યુ લાદવામાં આવ્યો છે જેનો રાજ્યના નાગરિકો દ્વારા સારો એવો પ્રતિસાદ મળી રહ્યો છે. નાગરિકોની જાગૃતિના કારણે સરકારને કોરોનાની પરિસ્થિતિને કાબુમાં મેળવવામાં સરળતા મળી છે. રાજ્યમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૨ લાખે પહોંચી છે ત્યારે રાજ્યમાં કોરોનાનો પ્રથમ કેસ નોંધાયો ત્યારથી અત્યાર સુધી સરકાર તેમજ મેડિકલ જગતના તમામ લોકો દ્વારા દર્દીઓને શ્રેષ્ઠ સારવાર મળી રહે તે માટેનું સુચારૂ વ્યવસ્થાપનગોઠવવામાં આવ્યું છે. તબીબો, નર્સિંગ, પેરામેડિકલ, પોલીસ સ્ટાફની ખંતપૂર્વકની ફરજનિષ્ઠાના કારણે રાજ્યમાં નોંધાયેલ કોરોનાગ્રસ્ત દર્દીઓમાં સંપૂર્ણપણે સ્વસ્થય થઈને ઘરે પરત ફરવાનો આંક વધુ રહ્યો છે. શ્રી નીતિનભાઈ પટેલે ગઈ કાલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં મળેલી કોન્ફરન્સમાં મળેલ માર્ગદર્શનનો રાજ્ય સરકાર દ્વારા સંપૂર્ણપણે અમલ કરવામાં આવી રહ્યો હોવાનું જણાવ્યું હતું. અમદાવાદ શહેરના કોરોનાગ્રસ્ત દર્દીઓ ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા થકી સરકારી તેમજ ખાનગી હોસ્પિટલમાં સારવારનો શ્રેષ્ઠ લાભ લઈ રહ્યા છે. અમદાવાદના કઠવાડા સ્થિત ૧૦૮ સેન્ટરમાંથી આ વ્યવસ્થાનું સુચારૂ સંચાલન થઈ રહ્યુ છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યની વિવિધ સરકારી હોસ્પિટલોમાં કોરોનાની સારવારની સાથે સાથે કિડની, કેન્સર, પ્રસુતિ,ડાયાલિસીસ, બાળરોગ સંબંધિત અન્ય તબીબી સારવારનું પણ સંપૂર્ણપણે સંચાલન કરવામાં આવી રહ્યુ છે. રાજ્યની સરકારી હોસ્પિટલમાં ૮૦ હજાર થી વધારે દર્દીઓ ઓ.પી.ડી.ની મુલાકાત લઈ રહ્યા છે. કોરોનાના કારણે મૃત્યુ પામેલ કોંગ્રેસના નેતા શ્રી અહેમદભાઈ પટેલને શ્રધ્ધાંજલિ આપતા નીતિનભાઈ પટેલે કહ્યુ કે, અહેમદભાઈ કોંગ્રેસના અગ્રણી નેતા હતા. લોકસભા અને રાજ્યસભામાં લાંબા સમય સુધી ગુજરાતનું પ્રતિનિધિત્વ કરનાર અહેમદભાઈ પટેલનો અભિપ્રાય હંમેશા મહત્વનો રહેતો. તેઓને અગાઉ પણ નાદુરસ્ત તકલીફ અને હ્યદયરોગ સંબંધિત તકલીફના કારણે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.તેમના અવસાનના કારણે ગુજરાત રાજ્યએ અને દેશે એક સમાજસેવક અને અગ્રણી નેતા ગુમાવ્યો છે. તેમની આ મુલાકાતમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર, આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડૉ. જયંતિ રવિ અને આરોગ્ય વિભાગના મિલીંદ તોરવણે અને તબીબી નિષ્ણાંતો હાજર રહ્યા હતાં.

# અમદાવાદ જિલ્લાના ફતેવાડી નહેર તથા ખારીકટ નહેર કમાન્ડ વિસ્તારના ખેડૂતો માટે રવિ પાકોની સિંચાઈ માટે પાણી છોડવાનો ખેડૂતલક્ષી મહત્વનો નિર્ણય : નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ

કમલમ દૈનિક,

નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે ખેડૂતોના હિતને વરેલી રાજ્ય સરકારે ખેડૂતોને સહાયરૂપ થવા અનેકવિધ નિર્ણયો લીધા છે, ત્યારે



### આ નિર્ણયથી આ વિસ્તારના ખેડૂતોને રવિ પાકોની સિંચાઈમાં ખૂબ જ ફાયદો થશે

અમદાવાદ જિલ્લાના ફતેવાડી નહેર તથા ખારીકટ નહેર કમાન્ડ વિસ્તારના ખેડૂતો માટે નર્મદા યોજનાની મુખ્ય નહેર પર સાબરમતી એસ્કેપ મારફતે સિંચાઈ માટે આશરે ૯૮૦ ક્યુસેક પાણી છોડવાનો વધુ એક ખેડૂતલક્ષી નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. નાયબ મુખ્યમંત્રી શ્રી પટેલે ઉમેર્યુ કે આ નિર્ણયથી અમદાવાદ જિલ્લાના ફતેવાડી નહેર કમાન્ડ યોજના વિસ્તારના દસ્ક્રોઈ, બાવળા, સાણંદ, ધોળકા અને વિરમગામ તાલુકાઓના આશરે ૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં તથા ખારીકટ નહેર યોજના કમાન્ડ વિસ્તારના બારેજા, દસ્ક્રોઈ અને માતર તાલુકામાં આશરે ૨૮૦૦ હેક્ટર વિસ્તારમાં સિંચાઈનું પાણી તાત્કાલીક અસરથી છોડવામાં આવેલ છે, જેથી આ વિસ્તારના ખેડૂતોને રવિ પાકો માટે ૧૫ માર્ચ ૨૦૨૦ સુધી સિંચાઈના પાણીનો લાભ મળશે. વધુમાં, ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ પાઈપલાઈનથી જે તળાવો સીધા જોડાયેલા છે તેમાં ખેડૂતોની માંગણી આવેથી નિયમોનુસાર કાર્યવાહી કરી તળાવો ભરી આપવામાં આવશે.

# તાલુકા હેલ્થ ઓફિસ કામરેજ ખાતે કોમ્યુનિટી એક્શન ફોર હેલ્થ વર્કશોપ યોજાયો





કમલમ દૈનિક, સુરત

રાજ્યસરકાર દ્વારા કાર્યરત તમામ આરોગ્યના કાર્યક્ર્મોની જાણકારી છેવાડાના લોકો સુધી મળી રહે તે માટે તાલુકા હેલ્થ કચેરી કામરેજ ખાતે તાલુકા મેડીકલ ઓફિસરો, તાલુકા આઈ.ઈ.સી.ઓફિસરશ્રી, તાલુકા હેલ્થ વિઝિટર તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના એકાઉન્ટન્ટ કમ ડેટા એન્ટ્રી ઓપરેટર અને તમામ આશા ફેસીલીટેટરનો "કોમ્યુનિટી એક્શન ફોર હેલ્થ વર્કશોપ" યોજવામાં આવ્યો હતો. કામરેજના તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો.શાંતાકુમારીએ કોમ્યુનીટી એક્શન ફોર હેલ્થ વર્કશોપના હેતુઓની વિગતો આપી હતી. તેમજ કોમ્યુનિટી એક્શન ફોર હેલ્થ અંગે પ્રશ્નોતરી કઈ રીતે તૈયાર કરવી તે અંગે વિગતે માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ દરેક આશા ફેસિલિટેર બહેનો પાસે કોમ્યુનીટી એક્શન ફોર હેલ્થ અંગે પ્રશ્નોતરી અંગે વાંચન કરવવામાં આવ્યું હતું જે તમામ પ્રશ્નોના ડો.શાંતાકુમારીએ જવાબો આપ્યા હતા. તાલુકા આઈ.ઈ.સી.ઓફિસર મુકેશભાઈ ભટ્ટ દ્વારા સંપૂર્ણ કાર્યક્રમનુ સફળ સંચાલન અને આભારવિધી કરવામાં આવી હતી.

### રાજ્ય આરોગ્ય મંત્રીએ ડોક્ટરો સાથે પરામર્શ બેઠક યોજી

# સુરતમાં કોરોનાની પરિસ્થિતિને પહોંચી વળવા માટે નવી સિવિલ હોસ્પિટલ તંત્ર સજ્જ



## કોવિડ બેડ સહિતની સારવારની તમામ સુવિધા ઉપલબ્ધ છેઃ રાજ્ય આરોગ્ય મંત્રી કિશોરભાઈ કાનાણી

કમલમ દૈનિક, સુરત

આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણીએ નવી સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ કોરોના બાબતે અધિકારી-ડોકટરો સાથે પરામર્શ બેઠક યોજી કોરોના પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. વર્તમાન સુરતમાં કોરોનાની પરિસ્થિતિની ચર્ચા કરી હોસ્પિટલમાં બેડ, ઓકિસજન, ઈન્જેકશનો, વેન્ટીલેટર, ડોકટરોની ઉપલબ્ધતા વિશે માહિતી મેળવી સંતોષની લાગણી વ્યકત કરી હતી. મીડિયા સાથે સંવાદ કરતા જણાવ્યું હતું કે, સિવિલ હોસ્પિટલમાં કોરોના સંક્રમિત દર્દીઓને સારવાર આપવા માટે પૂરતા પ્રમાણમાં કોવિડ બેડ સહિતની તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. કોરોનાની પરિસ્થિતિની પહોંચી વળવા માટે હોસ્પિટલ તંત્ર સુક્ષ્જ હોવાની વિગતો આપતા જણાવ્યું કે, કોરોના દર્દીઓ વધે તો હોસ્પિટલમાં ૨૨૨૫ બેડ ઉપલબ્ધ છે.

હાલમાં નવી સિવિલમાં ૮૩ દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. કોરોનાના દર્દીઓ હોમ કોરન્ટાઈન થઈને સ્વસ્થ થઈ રહ્યા છે સારી બાબત છે. સિવિલમાં હાલ ગંભીર પ્રકારના દર્દીઓ ઓછા પ્રમાણ આવી રહ્યા છે. કોઈએ ગભરાવાની કે ડરવાની જરૂર નથી પણ સાવચેતી સાથે માસ્ક, સોશિયલ ડિસ્ટન્સીંગ સહિતના નિયમોની પાલન કરવાનો અનુરોધ મંત્રીશ્રીએ કર્યો હતો. બીજા રાજયોમાં કે વિદેશ જનારા લોકો પાસેથી આરટીપીસીઆર ટેસ્ટ અંગેનો ચાર્જ સરકારના ધારા ધોરણો મુજબ લેવામાં આવશે તેમ મંત્રીશ્રીએ જણાવ્યું હતું. બેઠકમાં ખાસ ફરજ પરના અધિકારીશ્રી મહેન્દ્ર પટેલ, સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડો.રાગિણી વર્મા, મેડીકલ કોલેજના ડીન ડો.બ્રહ્મભટ્ટ, આર.એમ.ઓ. ડો.કેતન નાયક ઉપસ્થિત રહ્યા હતા.

# જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે નિવાસી અધિક કલેક્ટરશ્રીની અધ્યક્ષતામાં બંધારણ દિવસની ગૌરવભેર ઉજવણી





## અધિકારીઓ-કર્મચારીઓએ ભારતના બંધારણ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી

કમલમ દૈનિક, દાહોદ,

જિલ્લા સેવા સદન, દાહોદ ખાતે નિવાસી અધિક કલેકટર શ્રી એમ.જે. દવેની અધ્યક્ષતામાં અધિકારીઓ-કર્મચારીઓએ બંધારણ દિવસની ગૌરવભેર ઉજવણી કરી હતી અને ભારતના બંધારણના આમુખના શપથ લઈ બંધારણ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. આ પ્રસંગે નિવાસી અધિક કલેકટર શ્રી એમ.જે. દવેએ ભારતીય બંધારણના મૂલ્યો અને સિદ્ધાંતો વિશે સમજ આપી હતી અને બંધારણના આમુખનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે બંધારણનું આમુખ સાચો નિર્ણય કરવા માટે યોગ્ય દિશાદર્શન-માર્ગદર્શન આપે છે અને જયારે પણ કંઈ મહત્વની બાબતે નિર્ણય લેવાનો હોય તો બંધારણના મૂલ્યોનો પ્રથમ ખ્યાલ કરવામાં આવે છે. અધિક કલેકટરશ્રીએ આ પ્રસંગે ડો. બાબાસાહેબ આંબેડકરની બંધારણના નિર્માણમાં ભૂમિકા યાદ કરી તેમના પ્રદાન વિશે જણાવ્યું હતું. ત્યાર બાદ સૌ કર્મયોગીઓએ બંધારણ પ્રત્યેની પોતાની નિષ્ઠા દર્શાવતા બંધારણના આમુખનું વાચન કરીને શપથ લીધા હતા. સમગ્ર કાર્યક્રમ દરમિયાન કોવીડ-૧૯ની તમામ માર્ગદર્શીકાનું સુપેરે પાલન કરવામાં આવ્યું હતું.

# હળવદ મહાલક્ષ્મી મંદિર માં તુલસી વિવાહ સરકારશ્રી ની ગાઈડ લાઈન મુજબ ઉજવણી કરવામાં આવી

## હળવદમાં દેવઉઠી એકાદશી ની સાદગીપૂર્ણ ઉજવણી






કમલમ દૈનિક, અંકિત રાવલ હળવદ

કારતક સુદ અગીયારસે સૌરાષ્ટ્રમાં તુલસી વિવાહની ઉજવણી કરવામાં આવે છે ત્યારે હળવદ ના જાનીફળી ખાતે આવેલ મહાલક્ષ્મી મંદિર ખાતે તુલસી વિવાહ સાદગીપૂર્ણ ઉજવણી કરવામાં આવી હતી.કોરોના ના લીધે આ વખતે તુલસી વિવાહની મંદિરોમાં વાજતે ગાજતે ઉજવણીના બદલે સાદાઈથી તુલસી વિવાહનો પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો. સરકારશ્રીની ગાઈડ લાઈનમુજબ તુલસી વિવાહની ઉજવણી કરવામાં આવી હતી. કારતક સુદ અગિયારસ ની પ્રબોધિત એકાદશી પણ કહેવામાં આવે છે. આજના પાવન અવસરે તુલસી પૂજા અને ભગવાન શાલિગ્રામની પૂજાનું વિશેષ મહત્વ રહેલું છે ભગવાન શાલીગ્રામ સાથે તુલસીના વિવાહ થાય છે. દર વર્ષે ભાવિકો તુલસીજીના માતા પિતા નો લાભ લઈ તુલસીનું કન્યાદાન કરે છે અને ઘણા ભાવિક ભગવાન શાલીગ્રામ ના માતા પિતા બનવાનો લાભ લઈ ધન્યતા અનુભવે છે. અને ધામધૂમથી ઉજવતા તુલસી વિવાહ આ વર્ષે મંદિરોમાં સાદગીપૂર્ણ રીતે ઊજવવાયા, ત્યારે હળવદ જાનીફળી ખાતે આવેલ મહાલક્ષ્મી મંદિર એ તુલસી વિવાહ હસોઉલ્લાસ સાથે આયોજન કરવામાં આવ્યું હતું. દેવ ઉઠી એકાદશી હોવાથી સાધુ-સંતોના ચાતુર્માસનો પણ આજે સંપન્ન થાય છે. તુલસી વિવાહ માં શેરડી નો મંડપ રોપ્યા છે કહેવાય છે કે તુલસી વિવાહ બાદ તે શેરડી લોકો ખાય છે.તુલસીજીને લાલ અને લીલા રંગની ચૂંદડી માં શણગાર થી સુશોભિત કરવામાં આવ્યા હતા.

## વિશ્વ હિન્દુ પરિષદ ડીસા પ્રખંડ (બજરંગદળ) દ્વારા ગૌમાતાનું પૂજન





કમલમ દૈનિક, આનંદ ઠકકર

સમગ્ર હિન્દુ સમાજમાં ગાયને માતા તરીકે પૂજવામાં આવે છે શાસ્ત્રોમાં પણ ગૌમાતાનું વિશેષ સ્થાન રહેલુ છે, હિન્દુ માન્યતા મુજબ ગાયમાં ૩૩ કરોડ દેવી-દેવતાઓનો વાસ રહેલો છે તેનો શાસ્ત્રોમાં પણ ઉલ્લેખ છે તેથી જ તો ગાય માતા પૂજનીય છે વંદનીય છે,ત્યારે કારતક સુદ આઠમના ગોપાષ્ટમીના પવિત્ર પર્વના દિવસે વિશ્વ હિન્દુ પરિષદ ડીસા પ્રખંડ દ્વારા ડીસાની શાસ્ત્રી મહારાજ ગૌશાળામાં વંદનીય હરીદાસ મહારાજ દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ગૌ માતાઓને હાર પહેરાવી ગોળ અને લાડુ ખવડાવી, લીલું ઘાસ આપી તેમની આરતી પૂજન કરવામાં આવ્યું હતું, આજના કાર્યક્રમમાં વિશ્વ હિન્દુ પરિષદ ડીસા પ્રખંડ પ્રમુખ જયેશ દેસાઈ, ઉપપ્રમુખ જયેશભાઈ સોની, દુર્ગાવાહિની સંયોજીકા હેતલબેન બારીયા, વિજયભાઈ ગાંધી એડવોકેટ, નાથાલાલ બ્રહ્મક્ષત્રિય, હર્ષદભાઈ ડાભી એડવોકેટ, વિપુલભાઈ દેસાઈ, પ્રિયંકા દેસાઇ સહિત કાર્યકરો ઉપસ્થિત રહી ગૌમાતાનું પૂજન કરવામાં આવેલ.

## સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાંનિધ્યમાં સંવિધાન પ્રત્યે સમર્પિત રહેવાના શપથ લેતા લોકશાહીના સંવાહકો

### રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદએ દિલ્હીથી વર્ચ્યુલ રીતે બંધારણના આમુખનું વાંચન કરાવવી સંકલ્પ લેવડાવ્યા



કમલમ દૈનિક,

૮૦મી અખિલ ભારતીય પીઠાસીન અધિકારીઓની પરિષદના બીજા દિવસનો પ્રારંભ મહાનુભાવોએ સંવિધાન દિનની ઉજવણી કરીને કર્યો હતો. વિવિધ રાજ્યની વિધાનસભા અને વિધાન પરિષદનું પ્રતિનિધિત્વ કરી રહેલા પદાધિકારીઓ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે એકત્ર થયા હતા અને રાષ્ટ્રની એકતા-અખંડિતતાના શિલ્પી સરદાર પટેલના વિરાટ વ્યક્તિત્વ સમી વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટી સમક્ષ સંવિધાનના આમુખનું વાંચન કર્યું હતું. આ કાર્યક્રમનું નેતૃત્વ દિલ્હીથી રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદે કર્યું હતું. તેમણે આમુખનું વાંચન કરાવ્યું હતું. બંધારણીય રીતે કાર્ય કરવા સૌ સંકલ્પબંધ થયા હતા. લોકશાહીના મંદિર સમાન લોકસભા, રાજ્ય સભા અને રાજ્યોની વિધાનસભા-વિધાનપરિષદના અધ્યક્ષશ્રીઓ, ઉપાધ્યક્ષશ્રીઓ આજે સવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ઉપસ્થિત થયા હતા. જ્યાં સૌએ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી વંદન કર્યા હતા. બાદમાં સૌ મહાનુભાવો સામાજિક અંતરના પાલન સાથે પ્રતિમાના પરિસરમાં એકત્ર થયા હતા. રાષ્ટ્રપતિ ભવનથી રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ વિડીઓ કોન્ફરન્સિંગ મારફત જોડાયા હતા અને તેમણે બંધારણના આમુખનું વાંચન કરાવ્યું હતું. જે અક્ષરસઃ નીચે મુજબ છે. " અમે ભારતના લોકો ભારતને સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક, લોકશાહી, પ્રજાસત્તાક બનાવવાનં અને દેશના તમામ નાગરિકોને સામાજિક, આર્થિક, રાજકીય ન્યાય, વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા, તક અને દરજ્જાની સમાનતા નિર્ધારિત કરવાનો તેમજ તેઓમાં વ્યક્તિનું ગૌરવ તેમજ દેશ પ્રત્યેની એકતા અને અખંડિતતાને ખાતરી આપતી બંધુતા વિકસાવવાનો દ્રઢતાપૂર્વક નિર્ણય કરીને તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૪૯ના રોજ આ બંધારણ સભામાં આ બંધારણ અપનાવીને અમે અમારી જાતને સમર્પિત કરીએ છીએ.'' સ્ટેચ્યુ ઓફ યુનિટી પરિસર ખાતે લોકસભાના અધ્યક્ષ શ્રી ઓમ બિરલાના નેતૃત્વમાં કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી શ્રી પ્રહલાદ જોશી, રાજ્ય મંત્રી શ્રી અર્જુન રામ મેઘવાલ, ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઇ ત્રિવેદી સહિત ઉપસ્થિત મહાનુભાવોએ બંધારણની ઉદેશિકાનું પઠન કર્યું હતું.

## જિલ્લા સમાહર્તાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી ખાતે બંધારણ દિવસ નિમિત્તે બંધારણના આમુખનો વાંચન કાર્યક્રમ યોજાયો



કમલમ દૈનિક, જામનગર

૨૬ નવેમ્બરને આપણા રાષ્ટ્રના બંધારણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે, ત્યારે આજે ગુજરાતના કેવડિયા ખાતે યોજાનાર અખિલ ભારતીય પ્રમુખ અધિકારીશ્રીઓની પરિષદ દરમિયાન ભારતના બંધારણના આમુખનું વાંચન કરવામાં આવ્યું હતું. આ સાથે જ જામનગર કલેકટર કચેરી ખાતે જિલ્લા સમાહર્તાશ્રી રવિશંકરના અધ્યક્ષ સ્થાને બંધારણ દિવસ નિમિત્તે બંધારણના આમુખનો વાંચન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં કોવિડ-૧૯ની માર્ગદર્શિકા અનુસાર માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ સાથે જિલ્લાના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### મહિલાઓની સુરક્ષા હવે તેમના મોબાઈલમાં

## ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઇન એપ્લીકેશન લોન્ચ કરાઇ



કમલમ દૈનિક, જામનગર

જામનગર ( ભરત ભોગાયતા દ્વારા) ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૫માં મહિલા દિવસે ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન રાજયમાં શરુ કરીને મહિલા સુરક્ષાની દિશામાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ હેલ્પલાઈનનો હેતુ મહિલાઓની ઘરની બહાર થતી હેરાનગતિ ઘરેલું હિંસા, મહિલા પર હુમલો કે હુમલાનો ભય તથા અન્ય પ્રકારની મુસીબત માંથી રેસ્ક્યુ કરીને સલામત કરવાનો છે. ત્યારે આ સેવાને વધુ મહિલાઓ સુધી પહોંચાડીને સેવાને વધુ સુદ્રઢ બનાવવા માટે '૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન એપ્લ લોન્ચ કરવામાં આવી છે.''સખી'' વન સ્ટોપ સેન્ટર, જામનગર તેમજ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા શ્રી શ્રમજીવી મહિલા ઔધોગિક મંડળીના કર્મચારીઓને મહિલાઓની સુરક્ષા જળવાઈ રહે અને તેમને તત્કાલ મદદ મળી રહે તે હેતુથી ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન મોબાઈલ એપનું લોન્ચિંગ કર્યું છે. રાજ્યના કોઈપણ ખૂણામાં રહેતી મહિલાઓને મુશ્કેલીના સમયમાં આ એપ્લીકેશન મદદરૂપ થશે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન ટીમ દ્વારા એપ્લીકેશન ડાઉનલોડ કરાવી ડેમો આપેલ તેમજ આ એપ્લીકેશન મુશ્કેલીમાં મુકાયેલ મહિલાઓને કેવી રીતે મદદરૂપ થઈ શકે તેની વિસ્તૃત માહિતી આપેલ હતી.આ એપ ગુગલ પ્લેસ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકાશે. એપમાં દર્શાવેલ પ્રાથમિક માહિતી ઉમેરવામાં આવશે. હિંસા, છેડતી, હેરાનગતિ જેવી મુસીબતની સ્થિતિમાં ત્વરિત સહાય અને સુરક્ષા મેળવવા મોબાઈલ એપ દ્વારા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનો સંપર્ક કરવાથી રેસ્ક્યુવાન કે પોલીસની ટીમ મદદએ આવશે.મહિલા ઘટનાસ્થળ વિશે માહિતી ન આપી શકે તો પેનીક બટન દબાવતા જ ઘટનાસ્થળની માહિતી એપ દ્વારા હેલ્પલાઈન સેન્ટરને પહોંચી જશે. મોબાઈલ જોરથી હલાવવાથી ફોન કર્યા વગર મદદ મળી શકે છે. ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન બટન દબાવવાની સાથે મુશ્કેલીની સ્થિતિમાં મહિલાના પાંચ જેટલા સગાસંબંધી,મિત્રોને મેસેજથી જાણ થશે. જામનગર જીલ્લા મહિલા અને બાળ અધિકારી શ્રી ચંદ્રેશ ભાંભીના માર્ગદર્શન હેઠળ આ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન એપ્લીકેશન મોબાઈલ એપ



કાર્યક્રમનું આયોજન ''સખી'' વન સ્ટોપ સેન્ટરનાં કર્મચારી કેન્દ્ર સંચાલક હેતલબેન અમેથીયા તેમજ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈનનાં કર્મચારી સરલાબેન એમ.ભોવા દ્વારા શ્રી શ્રમજીવી મહિલા ઔધોગિક મંડળીનાં ૧૫ થી વધુ કર્મચારીઓને એપ્લીકેશનની વિસ્તૃત માહિતી આપી કરાયું હતું.

## પ્રધાનમંત્રીએ ડિએગો મારાડોનાના અવસાન અંગે શોક વ્યક્ત કર્યો




કમલમ દૈનિક,

એક ટવીટમાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, "ડિએગો મારાડોનાના ફૂટબોલના સિદ્ધ ખિલાડી હતા, જેમણે વૈશ્વિક લોકપ્રિયતા મેળવી હતી. તેમની કારકિર્દી દરમિયાન તેમણે ફૂટબોલ ક્ષેત્રે રમતની કેટલીક શ્રેષ્ઠ ક્ષણો આપી. તેમના અકાળ અવસાનથી આપણે બધા દુઃખી થયા છીએ. તેમના આત્માને શાંતિ મળે."

# રાજ્યમાં કોરોના સંક્રમણ રોકવા સરકાર કટિબદ્ધ છે : સરકાર સજાગ છે - પરિસ્થિતી કાબુમાં છે:- મુખ્યમંત્રીશ્રી



**ચાર મહાનગરોમાં રાત્રિ કરફ્યુ યથાવત રહેશે**

**સંક્રમણ ઓછું થાય તેમજ સંક્રમિતોને ત્વરિત સઘન સારવાર મળે જલ્દી સાજા થાય તેવી સંપૂર્ણ વ્યવસ્થાઓ ઊભી કરેલી છે**

**સૌ નાગરિકો એસ.ઓ.પી.નું પાલન કરે- ભીડભાડ ટાળે-માસ્કનો ઉપયોગ કરે-સોશિયલ ડિસ્ટન્સ જાળવીએ**

કમલમ દૈનિક,

ઓછામાં ઓછું સંક્રમણ થાય એટલું જ નહિ, સંક્રમિતોને ત્વરિત સઘન સારવાર મળી રહે તે માટે પૂરતા બેડ, તબીબો, દવાઓ-સાધન સામગ્રીની સંપૂર્ણ વ્યવસ્થા કરી છે. સંક્રમિતો આના પરિણામે જલ્દીથી સ્વસ્થ થઈ પોતાના ઘરે જાય તેવી આપણી નેમ છે, એમ પણ તેમણે કહ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, લોકોની સ્વાસ્થ્ય સલામતિ એ સરકારની પ્રાયોરિટી-પ્રાથમિકતા છે. શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે, રાજ્યમાં ફરી લોકડાઉન આવવાની કે રાત્રિ કરફ્યુ

**રાજ્યમાં લોક્ડાઉન કે કરફ્યુની વાત માત્ર અફવા છે-ખોટો ડર કે ગભરાટ રાખવાની જરૂર નથી**

લાગુ કરવાની વાતો માત્ર અફવા છે. તેમણે કહ્યું કે, જે ચાર મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટમાં હાલ જે રાત્રિ કરફયુ છે તે યથાવત ચાલુ રાખવામાં આવશે. મુખ્યમંત્રીશ્રીએ રાજયના નાગરિકોને આગ્રહપૂર્વક અનુરોધ

**મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે, રાજ્યમાં કોરોના સંક્રમણને રોકવા સરકાર કટિબદ્ધ છે.**

કર્યો કે, કોરોના સંક્રમણને વ્યાપક થતું અટકવવા સૌ લોકો એસ.ઓ.પી.નું પાલન કરે, ફરજિયાત માસ્કનો ઉપયોગ કરે, સોશિયલ ડિસ્ટન્સ જાળવે, ભીડભાડ ન કરે અને સ્વયં સતર્કતા, સાવચેતી રાખે. ખોટો ડર કે ગભરાટ રાખવાની પણ કોઈએ જરૂર નથી એમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સરકાર સંપૂર્ણ સજાગ છે અને પરિસ્થિતી કાબુમાં છે. મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું

**કોરોના વેક્સીનની થર્ડ હ્યુમન ટ્રાયલ ગુજરાતમાં અંદાજે ૧ હજાર લોકો પર કામ ચાલી રહ્યું છે**

કે, આમછતાં, જો સંક્રમણનો વ્યાપ વધશે કે સ્થિતી વિકટ થશે તો રાજ્ય સરકાર લોકોની આરોગ્ય-સલામતિ ધ્યાને રાખીને યોગ્ય નિર્ણય કરશે. મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે કોરોના સંક્રમણ નિયંત્રણ, સારવાર સુવિધાઓ માટે સરકારે માસ્ટર પ્લાન-એકશન પ્લાન બનાવ્યો છે તે મુજબ કામગીરી કરાઈ રહી છે. તેમણે કોરોના વેકસીનની વિગતો પ્રચાર માધ્યમો સાથેની વાતચીતમાં આપતાં જણાવ્યું કે, આ વેકસીનની થર્ડ હ્યુમન ટ્રાયલ ચાલી રહી છે. ગુજરાતમાં લગભગ એક હજારથી વધુ લોકો પર કામ ચાલે છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ સાથે વિડીયો

**લોકોની આરોગ્ય સલામતી સરકારની પ્રાયોરિટી છે-સંક્રમણ વધશે તો આરોગ્ય સલામતી ધ્યાને રાખી યોગ્ય નિર્ણય કરીશું**

કોન્ફરન્સ યોજીને કોરોના વેકસીનના વિતરણ અંગે સલાહ સુચનો અને પરામર્શ કર્યા હતા તેની પણ વિગતો મુખ્યમંત્રીશ્રીએ આપી હતી. તેમણે કહ્યું કે, ભારત સરકાર પણ બને તેટલી વ્હેલી વેકસીન આવી જાય તેમજ તે બને એટલી પારદર્શીતા, સરળતાથી લોકોને ઉપલબ્ધ થાય તે દિશામાં વિચારાધિન છે. શ્રી વિજયભાઇ રૂપાણીએ કહ્યું કે સંભવતઃ આ વેકસીન વિતરણ માટે ચાર સ્ટેજ બનશે. પ્રથમ સ્ટેજમાં ફ્રન્ટલાઈન વોરિયર્સ એટલે કે ડોકટર્સ, પેરામેડીકલ સ્ટાફ, આરોગ્ય સ્ટાફ, હોસ્પિટલોના સ્ટાફ વગેરેને આવરી

**કોરોના સંક્રમણ નિયંત્રણ-સારવાર-દ્વાઓ સહિતની સુવિધા માટે એક્શન પ્લાન બનાવ્યો છે તે મુજબ કામગીરી કરાય છે**

લેવાશે. દ્વિતીય સ્ટેજમાં કોરોના વોરિયર્સ એટલે કે સફાઇ કર્મીઓ, રેવન્યુ, પોલીસકર્મીઓ વગેરેને આવરી લેવાશે તેમજ ત્રીજા સ્ટેજમાં ૫૦ વર્ષથી વધુની વયના લોકો જેમને કોરોના સંક્રમણની સંભાવના વધુ હોય છે તેમને તથા ચોથા સ્ટેજમાં ૫૦ વર્ષથી નીચેના પરંતુ કો-મૉર્બીડ એટલે કે અન્ય બિમારીઓથી પીડિત લોકોને આવરી લેવાશે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ કે, આ પ્રારંભિક ચર્ચા-વિચારણાઓ છે પરંતુ ભારત સરકારના નિર્ણય અને અગ્રતા અનુસાર દેશભરમાં વેકસીન અંગેની વિતરણ વ્યવસ્થા થશે.

**ભારત સરકારના નિર્ણય અને અગ્રતા અનુસાર દેશભરમાં વેક્સીન અંગેની વિતરણ વ્યવસ્થા થશે**

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028